

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग "जन फरियाद"

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-34 ■ તા. 01-9-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઇપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## મહિલા-બાળકો પર અત્યાચાર ગંભીર વિષય : મોદી



કોલકાતા રેપ કેસની ઝૅં તપાસ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દેશને તેમની સામેના ગુનાના કેસોમાં ઝડપથી નિર્ણય લેવાની જરૂર છે. આ દરમિયાન દેશના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડ સહિત સુપ્રીમ કોર્ટના ઘણા વરિષ્ઠ ન્યાયાધીશો હાજર રહ્યા હતા. તમને જણાવી દઈએ કે સુપ્રીમ કોર્ટે આ મામલાનો સુઓમોટો લીધો હતો અને પશ્ચિમ બંગાળની મમતા સરકાર પર અનેક સવાલો ઉઠાવ્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે "આજે મહિલાઓ પર થતા અત્યાચાર, બાળકોની સુરક્ષા, સમાજની ગંભીર ચિંતા છે. દેશમાં મહિલાઓની સુરક્ષા માટે ઘણા કડક કાયદા બનાવવામાં આવ્યા છે, પરંતુ આપણે એને વધુ સક્રિય બનાવવાની જરૂર છે એ સંબંધિત છે. મહિલાઓ પરના અત્યાચારના કેસોમાં જેટલી ઝડપથી નિર્ણય લેવામાં આવશે એટલી જ સુરક્ષાની ખાતરી લોકોને મળશે."તમને જણાવી દઈએ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની સર્વોચ્ચ અદાલતની સ્થાપનાનાં ૭૫ વર્ષની યાદગીરીમાં સ્ટેમ્પ અને સિક્કાનું અનાવરણ કર્યું હતું. તેમણે આ વાત સભાને સંબોધિત કરતાં કહી હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "ન્યાયમાં વિલંબને દૂર કરવા માટે છેલ્લા દાયકામાં ઘણા સ્તરે કામ કરવામાં આવ્યું છે. છેલ્લાં ૧૦ વર્ષમાં દેશે ન્યાયિક માળખાના વિકાસ માટે લગભગ ૮ હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા છે. છેલ્લાં ૨૫ વર્ષમાં ન્યાયિક માળખા પર વાર્ષિક ખર્ચ કરવામાં આવતી રકમમાંથી ૭૫ ટકા માત્ર છેલ્લાં ૧૦ વર્ષમાં જ ખર્ચવામાં આવી છે.પીએમ મોદીએ આગળ કહ્યું, "આપણી લોકશાહીમાં ન્યાયતંત્રને બંધારણના રક્ષક માનવામાં આવે છે, આ પોતાનામાં જ એક મોટી જવાબદારી છે. અમે સંતોષ સાથે કહી શકીએ કે આપણી સુપ્રીમ કોર્ટ, આપણી ન્યાયતંત્રએ આ જવાબદારીને ખૂબ સારી રીતે નિભાવવાનો પ્રયાસ કર્યો છે આઝાદી પછી. ન્યાયતંત્રએ ન્યાયની ભાવનાનું રક્ષણ કર્યું, જ્યારે પણ રાષ્ટ્રીય સુરક્ષાનો પ્રશ્ન આવ્યો ત્યારે ન્યાયતંત્રએ રાષ્ટ્રીય હિતને સર્વોપરિ રાખીને ભારતની એકતાનું રક્ષણ કર્યું.

તેમણે કહ્યું હતું કે "સુપ્રીમ કોર્ટનાં ૭૫ વર્ષ એ માત્ર એક સંસ્થાની યાત્રા નથી, એ ભારતના બંધારણ અને બંધારણીય મૂલ્યોની યાત્રા છે. આ યાત્રામાં આપણા બંધારણના ઘડવૈયાઓ અને ન્યાયતંત્રના અનેક જ્ઞાની માણસોનું યોગદાન છે. પેઢી દર પેઢીની આ સફરમાં એ કરોડો દેશવાસીઓનું પણ યોગદાન છે,

## રશિયાનું Mi-8T હેલિકોપ્ટર ટેકઓફ બાદ લાપતા, ૨૨ લોકો હતા સવાર

રશિયાથી મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવી રહ્યાં છે. રશિયાનું એક હેલિકોપ્ટર ઉડાન દરમિયાન લાપતા થઈ ગયું છે. હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થવાની આશંકા છે. હેલિકોપ્ટર જે સમયે લાપતા થયું, તે સમયે તેમાં ત્રણ ક્રૂ મેમ્બર સહિત કુલ ૨૨ લોકો સવાર હતાં. રિપોર્ટ્સ અનુસાર રશિયાના એમઆઈ-૮ટી હેલિકોપ્ટરે શનિવારે રશિયાના પૂર્વ વિસ્તારમાં સ્થિત કામાચાટકા પેનિસુલાથી ઉડાન ભરી હતી. હેલિકોપ્ટરમાં ત્રણ ક્રૂ મેમ્બર સહિત કુલ ૨૨ લોકો સવાર હતાં.

## ભાજપની ઈચ્છા પૂરી થઈ, હરિયાણામાં બદલાઈ ચૂંટણીની તારીખ




ભાજપ અને ઈન્ડિયન નેશનલ લોકદળ એ પણ ચૂંટણી પંચને તારીખ બદલવાની માંગ કરી હતી. બંને પક્ષોએ ચૂંટણીની તારીખ (પહેલી ઓક્ટોબર) આગળ વધારવા માટે લેખિતમાં ચૂંટણી પંચને વિનંતી કરી હતી. કારણ કે તે અઠવાડિયામાં જાહેર રજાઓ અને ધાર્મિક તહેવારો સાથે હતા. ૨૯મી અને ૩૦મી સપ્ટેમ્બરે શનિવાર અને રવિવારની રજાઓ છે અને બીજી ઓક્ટોબરે ગાંધી જયંતિના કારણે ફરીથી રજા રહેશે. આવી સ્થિતિમાં લોકો રજાઓનો લાભ લઈને શહેરની બહાર જઈ શકે છે, જેના કારણે મતદાનની ટકાવારી ઘટી શકે છે.બીજી તરફ કોંગ્રેસ, જનનાયક જનતા પાર્ટી (જજપ) અને આમ આદમી પાર્ટી (આપ)એ ચૂંટણીની તારીખ બદલવાનો વિરોધ કર્યો હતો. તેઓનું કહેવું છે કે, ભાજપ પોતાની સંભવિત હારથી ડરી રહ્યું છે, તેથી તારીખ બદલવાની માંગ કરી રહી છે.હરિયાણા વિધાનસભાની ૯૦ બેઠક માટે એક જ તબક્કામાં મતદાન થશે. ચૂંટણી પંચે અગાઉ પહેલી ઓક્ટોબરે મતદાન યોજવાની જાહેરાત કરી હતી. ચોથી ઓક્ટોબરે પરિણામ આવવાના હતા. આ સાથે જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણીની તારીખોની પણ જાહેરાત કરવામાં આવી હતી. અહીં પણ પરિણામ ચોથી ઓક્ટોબરે જ આવવાના હતા. પરંતુ હવે ચૂંટણી પંચે તારીખોમાં ફેરફાર કર્યો છે.હરિયાણા વિધાનસભાનો કાર્યકાળ ત્રીજી નવેમ્બર ૨૦૨૪ના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. છેલ્લી વિધાનસભા ચૂંટણી ઓક્ટોબર ૨૦૧૯માં યોજાઈ હતી.

## રાત્રે ડ્યુટી કરનારા ૩૫ ટકા ડોક્ટર અસુરક્ષિત : IMA




કોલકાતામાં ટ્રેઈની ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યા અંગે લોકોમાં રોષની લાગણી હજી સુધી શાંત પડી નથી. આ વચ્ચે આઈએમએ દ્વારા ડોક્ટરોની સુરક્ષા અંગે કરવામાં આવેલા નવા સર્વેમાં ચિંતાજનક માહિતી સામે આવી છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના અભ્યાસમાં રાત્રે ડ્યુટી કરનારા ૩૫.૫ ટકા ડોક્ટર 'અસુરક્ષિત' અથવા 'અતિ અસુરક્ષિત' અનુભવે છે. જેમાં મહિલા ડોક્ટરોની સંખ્યા વધુ છે.આઈએમએના આ ઓનલાઈન સર્વેમાં ૨૨ રાજ્યોના ૩૮૮૫ ડોક્ટર જોડાયા હતા, જેમાં ૬૩ ટકા મહિલા ડોક્ટર હતી. સર્વેમાં કેટલાક ડોક્ટરોએ જણાવ્યું કે તેઓ સુરક્ષા માટે તેમની પાસે ચપ્પુ કે પેપર સ્પ્રે રાખતા હોય છે. સર્વેમાં જોડાયેલા ૮૫ ટકા યુવાન ડોક્ટરોમાં વધુ ભય જોવા મળ્યો હતો. ૨૦થી ૩૦ વર્ષના ડોક્ટરોમાં અસુરક્ષાની ભાવના વધુ જોવા મળી હતી.સર્વેમાં ૪૫ ટકા ડોક્ટરોએ જણાવ્યું કે તેમના કાર્ય સ્થળો પર નાઈટ ડ્યુટી માટે અલગ રૂમની સુવિધા નથી. આ ઉપરાંત દર ત્રણમાંથી એક ડ્યુટી રૂમમાં શૌચાલયની સુવિધા પણ નથી છે. પ્રાઈવેસી પણ હોતી નથી. ૫૩ ટકા ડ્યુટી રૂમ વોર્ડ અથવા ઈમરજન્સી વોર્ડથી ૧૦૦થી ૧૦૦૦ મીટર સુધી દુર હોય છે.

## અમદાવાદ કોર્પોરેશનના વોર્ડ ઈન્સ્પેક્ટર ૯ હજારની લાંચ લેતા પકડાયા

ગુજરાત એન્ટી કરપ્શન બ્યૂરોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ ઈન્સ્પેક્ટરને ૯ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યા છે. અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં ભાડાની ઑફિસની આકારણી ઓછી કરવા પેટે ૧૦ હજારની લાંચ માગી હતી. છઝઞએ રાયસણ, ગાંધીનગરના રહેવાસી સંજયકુમાર જયંતિભાઈ પટેલની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## કેદારનાથમાં હેલિકોપ્ટરથી પડ્યું હેલિકોપ્ટર:ખામીને કારણે MI-17 હેલિકોપ્ટરથી એરલિફ્ટ કરવામાં આવી રહ્યું હતું



કેદારનાથ અને ગૌચર વચ્ચે ભીમબલી નજીક શનિવારે સવારે ૮ વાગ્યાની આસપાસ એક હેલિકોપ્ટર નીચે પડ્યું હતું. મળતી માહિતી મુજબ કેદારનાથ ધામમાં એક ક્રિસ્ટ્રલ હેલિકોપ્ટરમાં ખામી સર્જાઈ હતી. તેથી મૈં-૧૭ હેલિકોપ્ટર દ્વારા લિફ્ટ કરવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન ભારે પવન અને હેલિકોપ્ટરના વજનને કારણે સંતુલન ખોરવાયું હતું, જેના કારણે પાઈલટે એને ઘાટીમાં છોડી દીધું હતું.ખરેખરમાં, ૨૪ મેના રોજ ક્રિસ્ટ્રલ એવિએશનનું એક હેલિકોપ્ટરમાં ખામી સર્જાઈ હતી. ૬ મુસાફરોને લઈને આવેલા હેલિકોપ્ટરને ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. હેલિકોપ્ટરે લેન્ડિંગ પહેલા ૮ વખત હવામાં ડોલ્યું હતું. ત્યારથી તે હેલિપેડ પર જ હતું. તેથી મૈં-૧૭ હેલિકોપ્ટર દ્વારા લિફ્ટ કરવામાં આવી રહ્યું હતું.હેલિકોપ્ટરમાં ૩ મહિના સુધી ટેક્નિકલ ખામી સર્જાઈ હતી, ખરેખરમાં ૨૪ મેના રોજ લેન્ડિંગ દરમિયાન ટેક્નિકલ ખામીના કારણે હેલિકોપ્ટરમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. આજે સવારે તેને એરલિફ્ટ કરવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન મૈં-૧૭નું બેલેન્સ ખોરવાયું હતું. જોખમને જોતા પાઈલટે હેલિકોપ્ટરને ખીણમાં જ છોડી દીધું હતું.જિલ્લા પ્રવાસન અધિકારી રાહુલ ચૌબેના જણાવ્યા અનુસાર, હેલિકોપ્ટરના વજન અને ભારે પવનના કારણે મૈં-૧૭નું બેલેન્સ ખોરવાયું હતું.જેના કારણે તે થારુ કેમ્પ પાસે પહોંચતા જ તેને ડ્રોપ કરી દેવામાં આવ્યું હતું. જો આમ ન કરવામાં આવ્યું તો મૈં-૧૭ને નુકસાન થવાની સંભાવના હતી.જો કે, હેલિકોપ્ટર કોઈ રહેણાંક વિસ્તારમાં પડ્યું ન હતું, નહીં તો મોટી દુર્ઘટના સર્જાઈ હોત. આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. જોકે, SDRFના જવાનોએ ઘટનાસ્થળે હેલિકોપ્ટરના કાટમાળની શોધખોળ કરી હતી.

## કોંગ્રેસમાં બળવો કરી નવી પાર્ટી બનાવનારા દિગ્ગજને ઝટકો, ચૂંટણી પહેલા ૪ ઉમેદવારે મેદાન છોડ્યું



જમ્મુ અને કાશ્મીરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદની ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ આઝાદ પાર્ટી (ડ્રૅછૅ)ના ૧૦ ઉમેદવારોમાંથી ચાર ઉમેદવારોએ પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. હકીકતમાં, થોડા દિવસો પહેલા આઝાદે નાદુરસ્ત તબિયતના કારણે ચૂંટણી પ્રચારથી દૂરી લીધી હતી. તેમણે કહ્યું હતું કે ઉમેદવારો તેમના નામ પાછા ખેંચવા માટે સ્વતંત્ર છે.૨૫ ઓગસ્ટની રાત્રે છાતીમાં દુખાવો થતા તેઓ ૨૬ ઓગસ્ટે દિલ્હી ખાતે એઈમ્સમાં દાખલ થઈ ગયા હતા. ત્યારબાદ બે દિવસ પહેલા ગુલામ નબી આઝાદે ખરાબ તબિયતનું કારણ આપીને વિધાનસભા ચૂંટણીના પ્રચારમાં ભાગ ન લઈ શકવાની જાહેરાત કરી હતી. તેમજ તેમણે ચૂંટણી લડવાનો નિર્ણય ઉમેદવારો પર છોડી દીધો હતો.પાર્ટીના સૂત્રોએ જણાવ્યું કે આઝાદ બે-ત્રણ દિવસ માટે કાશ્મીર આવી શકે છે પરંતુ ચૂંટણી પ્રચારમાં ભાગ લઈ શકશે નહીં. આઝાદે બે વર્ષ પહેલા કોંગ્રેસ છોડીને અલગ પાર્ટી બનાવી હતી. તેમણે લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો ઉભા રાખ્યા હતા પરંતુ સારું પ્રદર્શન કરી શક્યા ન હતા.

ત્યારથી, તેમના કોંગ્રેસમાં પાછા ફરવાની અટકળો ચાલતી હતી પરંતુ આઝાદે તેનો ઈનકાર કર્યો હતો અને ઉમેદવારોની જાહેરાત કરી હતી. પાર્ટીના ઉપાધ્યક્ષ જીએમ સરોરીએ પહેલેથી જ કિશ્તવાડની ઈન્દરવાલ બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે.આઝાદે કહ્યું કે, 'મને અફસોસ છે કે હું મારી પાર્ટીના ઉમેદવારોનો પ્રચાર કરી શકીશ નહીં.' તેમજ તેમણે ચૂંટણી લડવાનો નિર્ણય ઉમેદવારો પર છોડતા કહ્યું હતું કે, 'જો તમે ઈચ્છો તો ઉમેદવારીમાંથી તમારું નામ પાછું ખેંચી શકો છો.

## પતંજલિના દંત મંજનમાં નોન-વેજ મટિરિયલ હોવાનો દાવો

પતંજલિની પ્રોડક્ટ દિવ્ય દંત મંજન અંગે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે પ્રોડક્ટમાં નોનવેજ મટિરિયલ છે.પિટિશનર એડવોકેટ યતિન શર્માએ આરોપ લગાવ્યા છે કે કંપની તેના 'દિવ્ય દંત મંજન'માં 'સમુદ્ર ફેન' (કટલફિશ) નામના માંસાહારી પદાર્થનો ઉપયોગ કરે છે.એડવોકેટ યતિન શર્માએ પણ જણાવ્યું છે કે માંસાહારી તત્વોનો ઉપયોગ કરવા છતાં પ્રોડક્ટ પર ગ્રીન એટલે કે શાકાહારી લેબલ આપવામાં આવ્યું છે.તેના પર કોર્ટે પતંજલિ આયુર્વેદ અને બાબા રામદેવને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો છે. જસ્ટિસ સંજીવ નરુલાએ આ પ્રોડક્ટ બનાવતી કેન્દ્ર સરકાર અને પતંજલિની દિવ્ય ફાર્મસીને પણ નોટિસ ફટકારી છે. કેસની આગામી સુનાવણી ૨૮ નવેમ્બરે થશે.અરજીકર્તા યતિને દાવો કર્યો છે કે યોગગુરુ રામદેવે પોતે એક વીડિયોમાં સ્વીકાર્યું છે કે તેમની પ્રોડક્ટમાં કટલફિશનો ઉપયોગ કરવામાં આવે છે. તેમ છતાં કંપની ખોટી બ્રાન્ડિંગ કરી રહી છે

## ગુજરાત-રાજસ્થાન સહિત ૧૬ રાજ્યોમાં વરસાદનું એલર્ટ, હવામાન વિભાગની લેટેસ્ટ આગાહી



દિલ્હી-એનસીઆરમાં વરસાદ અટકવાનું નામ લેતો જ નથી હવે લોકો બફારાથી પરેશાન થવા લાગ્યા છે. હવામાન વિભાગના અનુસાર આજે દિલ્હીમાં વરસાદની સંભાવના છે. જોકે આકાશમાં વાદળોએ અડિંગો જમાવ્યો છે. આ દરમિયાન ભારે પવન ફૂંકાશે જેથી લોકોને ગરમીમાંથી રાહત મળી શકે છે. હવામાન વિભાગે આજે આ દેશના ૧૬ રાજ્યોમાં વરસાદને લઈને એલર્ટ જાહેર કર્યું છે. તેમાં ગુજરાત, છત્તીસગઢ, ઓડિશા, કર્ણાટક, તેલંગાણા, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગોવા, બંગાળ, નોર્થ ઈસ્ટ, કેરલ સામેલ છે. તો બીજી તરફ ગુજરાતમાં ગત ૭ દિવસથી ભારે વરસાદ ખાબકી રહ્યો છે. રાજ્યના અનેક જિલ્લા પૂરમાં જળમગ્ન બની ચૂક્યા છે. હવામાન વિભાગે અરબ સાગરમાં ઉદભવેલા અસના ચક્રવાતને લઈને એલર્ટ જાહેર કર્યું છે. હાલ ગુજરાતમાં વાવાઝોડાની આંશિક અસર જોવા મળી શકે છે. કચ્છના ડીએમએ જણાવ્યું હતું કે અત્યાર સુધી ૩૫૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

## ગાંધીનગરની લિંબડીયા કેનાલમાં અમદાવાદના ૨૦ વર્ષીય યુવકનો આપઘાત, ફાયર બ્રિગેડે લાશ બહાર કાઢી

ગાંધીનગરની લિંબડીયા નર્મદા કેનાલમાંથી અમદાવાદના મેઘાણીનગરના ૨૦ વર્ષીય યુવાને પડતું મૂકીને આપઘાત કરી લેતાં ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે લાશ બહાર કાઢી છે. આ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી યુવાનના પોસ્ટમોર્ટમ સહિતની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.ગાંધીનગર લિંબડીયા નર્મદા કેનાલમાં અજાણ્યા પુરુષની લાશ તરતી હોવાની જાણ થતાં ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક કેનાલ ઉપર પહોંચી ગઈ હતી. કેનાલમાં યુવાનની લાશ તરતી હોવાનું જોઈને સ્થાનિકો પણ મોટી સંખ્યામાં કેનાલ ખાતે એકઠા થઈ ગયા હતા. બાદમાં ફાયર બ્રિગેડની ટીમે કેનાલના ધસમસતા પ્રવાહમાંથી યુવાનની લાશ ભારે જહેમત પછી બહાર કાઢવામાં આવી હતી. ત્યારે બનાવની જાણ થતાં પોલીસ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અને યુવાનની ઓળખ માટેની તજવીજ હાથ ધરતા અમદાવાદના મેઘાણીનગર કુંભાજીની ચાલી ઠાકોર વાસમાં રહેતા ૨૦ વર્ષીય વિશાલ રમેશજી ઠાકોરની લાશ હોવાની વિગતો સાંપડી છે.

## તંત્રી લેખ.....

# દેશના સૌથી વધુ અમીર ભારતીયોની યાદીમાં ગૌતમ અદાણી ફરી એકવાર ટોપ પર

દેશના અગ્રણી બિઝનેસ ગ્રુપ અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણી અને તેમના પરિવારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને તેમના પરિવારને પાછળ છોડ્યા છે. ?. ૧૧.૬૧ લાખ કરોડની કુલ સંપત્તિ સાથે ગૌતમ અદાણીએ દેશના ધનિકોની યાદીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ૨૦૨૪ ની હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટમાં ગૌતમ અદાણીએ સૌથી ધનવાન ભારતીય બન્યા છે. હિન્ડેનબર્ગ રિપોર્ટથી થયેલા નુકસાનને ભરપાઈ કરતાં ગૌતમ અદાણીની નેટવર્થ ગત વર્ષે ૯૫ ટકા વધી હતી. આ યાદીમાં મુકેશ અંબાણી અને તેમના પરિવારની કુલ સંપત્તિ ૧૦.૧૪ લાખ કરોડ રૂપિયા અંદાજવામાં આવી હતી અને તેઓ આ યાદીમાં બીજા ક્રમે છે. હુરુન ઈન્ડિયાની એક રીલીઝ મુજબ અમીરોની યાદીમાં સમાવિષ્ટ તમામ વ્યક્તિઓ અને પરિવારોની સંપત્તિની ગણતરી ૩૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ લીધેલા સ્નેપશોટ આધારિત છે. નોંધનીય છે કે, યુએસ સ્થિત શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચ દ્વારા લગાવવામાં આવેલા વિવિધ આરોપોને પગલે અદાણીની નેટવર્થમાં ઘટાડો થયો હતો. પ્રકાશિત રિપોર્ટમાં જણાવાયું છે કે ગત વર્ષે ભારતમાં દર પાંચ દિવસે એક અબજોપતિ પેદા થયા છે અને ૨૦૨૩માં દેશમાં ૨૫૯ અબજપતિ હતા, જ્યારે હવે તેમની સંખ્યા વધીને ૩૩૪ થઈ ગઈ છે.

હુરુન ઈન્ડિયાના સ્થાપક અને મુખ્ય રિસર્ચર અનસ રહેમાન જુનૈદ જણાવે છે કે, ''ભારત એશિયાના સંપત્તિ સર્જન એન્જિન તરીકે ઉભરી રહ્યું છેપ!'' તેમણે ઉમેર્યુ હતું કે ભારતમાં અબજોપતિઓની સંખ્યામાં ૨૯ ટકાનો વધારો થયો છે, જ્યારે ચીનમાં અબજોપતિઓની સંખ્યામાં ૨૫ ટકાનો ઘટાડો થયો છે. ૐઝ઼-ટેક્નોલોજિસના શિવ નાદર અને તેમનો પરિવાર આ વર્ષના અમીરોની યાદીમાં ત્રીજા ક્રમે છે, તેમની કુલ સંપત્તિ ૩.૧૪ લાખ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. આ યાદીમાં ચોથા સ્થાને પૂનાવાલા અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (જૌ) પરિવારના સાયરસ એસ પુનાવાલા અને પાંચમા સ્થાને ? ૨.૪૯ કરોડની સંપત્તિ સાથે સન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝના દિલીપ સંઘવી સામેલ છે. આ વર્ષે હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટમાં કુલ ૧,૫૩૯ લોકો સામેલ થયા છે, જેમની કુલ સંપત્તિનું મૂલ્ય ? ૧,૦૦૦ કરોડથી વધુ છે. ૧,૫૩૯નો આ આંકડો ગયા વર્ષ કરતાં ૨૨૦ વધુ છે. રિચ લિસ્ટ ૨૦૨૪માં પહેલીવાર ૨૭૨ લોકોના નામ નોંધાયા છે. આ વર્ષે ? ૧,૦૦૦ કરોડથી વધુની સંપત્તિના માલિકોની સંખ્યા પ્રથમ વખત ૧,૫૦૦નો આંકડો વટાવી ગઈ છે અને છેલ્લા પાંચ વર્ષમાં તેમાં ૮૬ ટકાનો વધારો થયો છે. રિચ લિસ્ટ ૨૦૨૪માં ૧૮ લોકોની કુલ સંપત્તિ ?. ૧ લાખ કરોડથી વધુ છે. ગયા વર્ષે આ આંકડો ૧૨ હતો, અને ૧૦ વર્ષ પહેલાં હુરુન ઈન્ડિયાની યાદીમાં ફક્ત બે જ લોકોની કુલ સંપત્તિ ૧ લાખ કરોડ રૂપિયાથી વધુ હતી.

# નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વાસ્તવિક જીડીપીમાં ૬.૭ ટકાનો વધારો થવાનો અંદાજ

નવી દિલ્હી,

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (એમઓએસપીઆઈ)ની નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (એનએસઓ) આ પ્રેસ નોટમાં નાણાકીય વર્ષ (નાણાકીય વર્ષ) ૨૦૨૪-૨૫ના એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળા (ક્વાર્ટર ૧) માટે કુલ ઘરેલું ઉત્પાદન (જીડીપી)ના ત્રિમાસિક અંદાજો રજૂ કરી રહ્યું છે, જેમાં કોન્સ્ટન્ટ (૨૦૧૧-૧૨) અને વર્તમાન કિંમતો એમ બંને પર તેના ખર્ચના ઘટકો સામેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના ક્વાર્ટર-૧ માટે જીડીપીના ખર્ચ ઘટકોમાં વર્ષ દર વર્ષે ટકા ફેરફારો અને ખર્ચના ઘટકોની સાથે આર્થિક પ્રવૃત્તિના પ્રકાર દ્વારા મૂળભૂત કિંમતે કુલ




મૂલ્ય સંવર્ધિત (જીવીએ)નો ત્રિમાસિક અંદાજ પરિશિષ્ટ એના વિધાન ૧ થી ૪માં આપવામાં આવ્યો છે.

કી હાઈલાઈટ્સઃ

●નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ક્વાર્ટર ૧ માં વાસ્તવિક જીડીપીમાં ૬.૭ ટકાનો વધારો થવાનો અંદાજ છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના ક્વાર્ટર ૧ માં ૮.૨% ના વિકાસ દર કરતા વધારે છે.

●નોમિનલ જીડીપીમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ક્વાર્ટર ૧માં ૯.૭ ટકાનો વૃદ્ધિ દર જોવા મળ્યો છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૮.૫ ટકાનો વૃદ્ધિ દર હતો.

●વાસ્તવિક જીવીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૬.૮ ટકાનો વધારો થયો છે, જે અગાઉના નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૮.૩ ટકાના વૃદ્ધિ દરની સરખામણીમાં હતો. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ક્વાર્ટર ૧માં જીવીએ વૃદ્ધિ સેકન્ડરી સેક્ટર (૮.૪ ટકા)માં નોંધપાત્ર વૃદ્ધિથી પ્રેરિત છે, જેમાં કન્સ્ટ્રક્શન (૧૦.૫ ટકા), ઇલેક્ટ્રિસિટી, ગેસ, વોટર સપ્લાય અને અન્ય યુટિલિટી સર્વિસીસ (૧૦.૪ ટકા) અને મેન્યુફેક્ચરિંગ (૭.૦ ટકા) ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

●નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ક્વાર્ટર ૧ માટે નોમિનલ જીવીએમાં વૃદ્ધિ દર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૮.૨ ટકાના વૃદ્ધિ દરથી ૯.૮ ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

●પ્રાઈવેટ ફાઇનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર (પીએફસીઈ) અને ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન (જીએફસીએફ)માં સ્થિર ભાવે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં અનુક્રમે ૭.૪ ટકા અને ૭.૫ ટકાનો વૃદ્ધિ દર જોવા મળ્યો છે.

●વર્તમાન ભાવે ચોખ્ખા કરવેરામાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૮.૦ ટકાનો વૃદ્ધિ દર જોવા મળ્યો છે, જેના પરિણામે જીવીએ અને જીડીપીના વૃદ્ધિ દર વચ્ચે ૦.૧ ટકાપોઈન્ટ ગેપ જોવા મળ્યો છે.

૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં સ્થિર ભાવે વાસ્તવિક જીડીપી અથવા જીડીપી ?૪૩.૬૪ લાખ કરોડ થવાનો અંદાજ છે, જે ૨૦૨૩-૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ?૪૦.૯૧ લાખ કરોડ હતો, જે ૬.૭%નો વૃદ્ધિ દર દર્શાવે છે.

# સ્પોર્ટ્સ ડે પર સ્વાસ્થ્ય માટે સરળ ટ્રિક્સ આપ્રાવો, માનસિક સ્વાસ્થ્ય માટે છે ફાયદાકારક

નવી દિલ્હી,

સ્પોર્ટ્સ ડે પર, જાણો કેવી રીતે રમતો માનસિક સ્વાસ્થ્ય માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. માનસિક સ્વાસ્થ્ય માટે કસરતના ફાયદા શું છે? શારીરિક પ્રવૃત્તિઓ (શારીરિક પ્રવૃત્તિ અને માનસિક સ્વાસ્થ્ય સુખાકારી) વ્યક્તિના મન તેમજ તેના શરીરને મજબૂત બનાવે છે. શારીરિક પ્રવૃત્તિ માનસિક સ્વાસ્થ્ય સાથે સંબંધિત છે (માનસિક સ્વાસ્થ્ય પર શારીરિક પ્રવૃત્તિની અસર). વ્યાયામ અને મગજ વચ્ચે ઊંડો સંબંધ છે. નિયમિતપણે શારીરિક પ્રવૃત્તિ કરવાથી મગજમાં એક રસાયણ નીકળે છે, જે મૂડને સુધારે છે. તેનાથી એકાગ્રતા વધે છે અને ઊંઘમાં સુધારો થાય છે. જો કે વધુ શારીરિક પ્રવૃત્તિની જરૂર નથી, માત્ર ચાલવા જેવી સરળ શારીરિક પ્રવૃત્તિ માનસિક સ્વાસ્થ્ય માટે વરદાન છે. શારીરિક પ્રવૃત્તિ માટે, તમે પાર્કમાં જઈ શકો છો, જ્યાં ફૂલો, વૃક્ષો, છોડ અને હરિયાળી હોય, તે વધુ ફાયદાકારક હોઈ શકે છે. જો તમે કુદરતી વાતાવરણમાં સમય પસાર કરશો તો માનસિક સ્વાસ્થ્ય સુધરી શકે છે. ડિપ્રેશન અને તણાવની સમસ્યાઓ દૂર થશે.

કેટલાક ખાસ સંજોગોમાં, ઘણા લોકો શારીરિક પ્રવૃત્તિ કરવામાં અસમર્થ હોય છે, તેથી આવા લોકો શારીરિક પ્રવૃત્તિઓ કરવા માટે તેમના ટ્રેનર પાસેથી યોગ્ય માર્ગદર્શન અથવા મદદ લઈ શકે છે. શારીરિક પ્રવૃત્તિ માટે, તમે તમારી પસંદગી અને ક્ષમતા અનુસાર વૉકિંગ, યોગ અથવા વેઈટ લિફ્ટિંગ કરી શકો છો. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન મુજબ, તમે અઠવાડિયામાં ૧૫૦ મિનિટની સામાન્ય પ્રવૃત્તિઓ અથવા ૭૫ મિનિટની સખત પ્રવૃત્તિઓનું લક્ષ્ય નક્કી કરીને તેને પૂર્ણ કરી શકો છો. નિયમિત વ્યાયામ શરીરને સ્વસ્થ રાખે છે અને સારા માનસિક સ્વાસ્થ્ય માટે પણ એક ઉત્તમ ઉપાય છે. વ્યાયામ ડિપ્રેશન, ચિંતા, તણાવ તેમજ એડીએચડીના લક્ષણોથી રાહત આપે છે. ઊંઘની ગુણવત્તા અને મૂડ સારો છે. શારીરિક રીતે ફિટ અને માનસિક રીતે સ્વસ્થ રહેવામાં વ્યાયામ મહત્વનો ભાગ ભજવે છે. નિયમિતપણે શારીરિક પ્રવૃત્તિ કરવાથી ડાયાબિટીસ, હૃદય રોગની સાથે-સાથે સ્થૂળતા જેવી સમસ્યાઓ પણ ઓછી થવા લાગે છે. રોગપ્રતિકારક શક્તિ વધે છે.

# અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટ વિતરણ પણ કરાયું

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૭મા રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૪નો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ ગાંધીનગર મહાત્મા મંદિરથી કરાવ્યો હતો. આ અવસરે મહાનુભાવોના વરદહસ્તે અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટ વિતરણની સાથે વિવિધ યોજનાના લાભાર્થઓને સહાય વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

સ્વસ્થ ભારતના નિર્માણની દિશામાં દેશની મહિલાઓ અને બાળકોમાં પોષણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી દર વર્ષે ભારતભરમાં સપ્ટેમ્બર માસને ×રાષ્ટ્રીય પોષણ માહ× તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ તા. ૧ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન દેશભરમાં સાતમાં ×રાષ્ટ્રીય પોષણ માહ×ની ઉજવણી કરવામાં આવશે.

# હવામાન વિભાગે ગુજરાતમાં વાવાઝોડું આવે તેવી સંભાવના વ્યક્ત કરી

નવી દિલ્હી,

ગુજરાતમાં સતત વરસાદના કારણે લોકોનુ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. વડોદરા સહિત અનેક શહેરોમાં પૂરની સ્થિતિ છે. એટલું જ નહીં વડોદરામાં તો નદીના પાણી શહેરમાં ઘૂસી જતા મગરો લોકોના ઘર સુધી પહોંચી ગયા છે. બીજી બાજુ હવામાન વિભાગની એક અપડેટે ચિંતા વધારી દીધી છે. હવામાન વિભાગે ગુજરાતમાં એક વાવાઝોડું આવે તેવી સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા એક રાષ્ટ્રીય બુલેટિનમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્ર પર એક ચક્રવાત બની રહ્યું છે. જે શુક્રવારે અરબ સાગરની ઉપર ઉભરે અને ઓમાન તટ તરફ આગળ વધે તેવી શક્યતા છે. આગળ જણાવ્યું છે કે સૌરાષ્ટ્ર અને કચ્છ પર ગાઢ દબાણ પશ્ચિમ દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધવા અને કચ્છ તથા આસપાસના પાકિસ્તાનના તટોથી પૂર્વોત્તર અરબ સાગરની ઉપર ઉભરે અને શુક્રવારે એક ચક્રવાતી તોફાનમાં ફેરવાય તેવી શક્યતા છે. હવામાન વિભાગે એમ પણ કહ્યું છે કે ૧૯૭૬ બાદ ઓગસ્ટમાં અરબ સાગર પર સર્જાનાર આ પહેલું ચક્રવાતી તોફાન હશે. કહેવાયું છે કે ૧૯૭૬માં ચક્રવાત ઓડિશાની ઉપર વિક્સિત થયું



હતું, પશ્ચિમ ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધ્યું, અરબ સાગરમાં ઉભર્યું અને એક લૂપિંગ ટ્રેક બનાવ્યો તથા ઓમાનના કાંઠા પાસે ઉત્તર પશ્ચિમ પાસે અરબ સાગર પર નબળું પડી ગયું હતું. આઈએમડીના હવામાન વૈજ્ઞાનિકે કહ્યું છે કે ઓગસ્ટ મહિનામાં અરબ સાગરની ઉપર ચક્રવાતી તોફાનનું વિક્સિત થવું એ એક દુર્લભ ગતિવિધિ છે. ૧૯૪૪નું વાવાઝોડું પણ અરબ સાગરમાં ઉભર્યા બાદ તીવ્ર બન્યું હતું અને ત્યારબાદ સમુદ્રની મધ્યમાં નબળું પડ્યું હતું. ૧૯૬૪માં દક્ષિણ ગુજરાત તટ પાસે એક નાનકડું વાવાઝોડું વિક્સિત થયું હતું અને કાંઠા પાસે નબળું પડ્યું હતું. એ જ રીતે છેલ્લા ૧૩૨ વર્ષો દરમિયાન બંગાળની ખાડી ઉપર ઓગસ્ટ મહિનામાં કુલ ૨૮ આવી સિસ્ટમ વિક્સિત થઈ છે.

આઈએમડીના એક વૈજ્ઞાનિકે કહ્યું કે હાલના તોફાન અંગે અસામાન્ય વાત એ છે કે છેલ્લા કેટલાક દિવસથી તેની તીવ્રતા એક સરખી જોવા મળી છે. તેમણે કહ્યું કે ઉષ્ણકટિબંધીય તોફાન બે પ્રતિચક્રવાતો વચ્ચે સ્થિત છે- એક તિબ્બતી પઠાર ઉપર અને બીજુ અરબ પ્રાયદ્વીપની ઉપર. સૌરાષ્ટ્ર અને કચ્છ પર બનેલા ડીપ ડિપ્રેશનના કારણે આ ક્ષેત્રમાં ભારે વરસાદ પડ્યો છે. ઓગસ્ટ મહિનામાં એક દુર્લભ હવામાન સંબંધિત ઘટના હેઠળ ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં શુક્રવારે અરબ સાગરમાં ચક્રવાત બનવાની અને ઓમાનના તટ તરફ આગળ વધવાની શક્યતા છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી છે. આ ક્ષેત્રોને રેડ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. માછીમારોને થોડા દિવસ દરિયો ન ખેડવાની સલાહ અપાઈ છે. ગુજરાત અને ઉત્તરી મહારાષ્ટ્રના તટોની સાથે સાથે સમુદ્રી વિસ્તારોમાં આગામી ૨ દિવસ સુધી ૬૦-૬૫ કિમી પ્રતિ કલાકે પવન ફૂંકાઈ શકે છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે સૌરાષ્ટ્ર અને કચ્છની ઉપર બનેલા ડીપ ડિપ્રેશનનું પશ્ચિમ દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધવાની સાથે કચ્છ અને પાકિસ્તાનના તટો પાસે ઉત્તર પૂર્વ અરબ સાગરની ઉપર ઉભરવાના અને શુક્રવારે ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ જવાની શક્યતા છે. જ્યારે તે વાવાઝોડામાં ફેરવાઈ જશે તો તેનું નામ આશના રાખવામાં આવશે. આ નામ પાકિસ્તાને આપ્યું છે. ૧૮૯૧થી ૨૦૨૩ સુધી ઓગસ્ટમાં અરબ સાગર પર ફક્ત ૩ ચક્રવાતી તોફાન વિક્સિત થયા છે. હવામાન વિભાગે જણાવ્યું કે ૧૯૭૬ બાદ ઓગસ્ટમાં અરબ સાગર પર બનનારું આ પહેલું ચક્રવાતી તોફાન હશે. ૧૯૭૬માં ઓડિશામાં તે વિક્સિત થયું હતું.

# નાળિયેર વિકાસ બોર્ડ દ્વારા ૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ભારતભરમાં વિશ્વ નાળિયેર દિવસની ઉજવણી કરાશે

નવી દિલ્હી,

નાળિયેર વિકાસ બોર્ડ ૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ટાઉન હોલ, એર્નાકુલમ ખાતે ×સર્ક્યુલર ઈકોનોમી માટે નાળિયેર, મહત્તમ મૂલ્ય માટે ભાગીદારીનું નિર્માણ× વિષય પર વિશ્વ નાળિયેર દિવસની ઉજવણી કરી રહ્યું છે. શ્રી. કેરળ સરકારનાં કાયદા, ઉદ્યોગ અને કોઈર મંત્રી આદરણીય પી. રાજીવ આ કાર્યક્રમનું ઉદઘાટન કરે તેવી અપેક્ષા છે. શ્રી. હિબી ઈડન, માનનીય સાંસદ, એર્નાકુલમ, એડ. એમ. અનિલકુમાર, કોચીના માનનીય મેયર શ્રી. એર્નાકુલમના માનનીય ધારાસભ્ય ટી. જે. વિનોદ, કોચીન કોર્પોરેશન કાઉન્સિલર (ડિવિઝન ૬૬) શ્રીમતી સુધા દિલીપ, કૃષિ ઉત્પાદન કમિશનર ડો. બી. અશોક આઈએએસ અને કૃષિ નિયામક ડો. અદીલા અબ્દુલ્લાહ આઈએએસ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે તેવી અપેક્ષા છે. સીડીબીના સીઈઓ ડો. પ્રભાત કુમાર, સીડીબીના મુખ્ય નાળિયેર વિકાસ અધિકારી ડો. બી. હનુમાનથે ગૌડા આ પ્રસંગે સ્વાગત પ્રવચન આપશે અને સીડીબીના ડિરેક્ટર (માર્કેટિંગ) શ્રીમતી દીપ્તિ નાયર આ પ્રસંગે આભાર પ્રસ્તાવ મૂકશે.



આ કાર્યક્રમમાં આશરે ૫૦૦ પ્રગતિશીલ નાળિયેરી ખેડૂતો, પ્રોસેસર્સ અને અન્ય હિતધારકો ભાગ લે તેવી અપેક્ષા છે. આ કાર્યક્રમમાં નાળિયેર વિકાસ બોર્ડ અને રાજ્યના કૃષિ વિભાગના અધિકારીઓ ભાગ લેશે. આ કાર્યક્રમની શરૂઆત નાળિયેરની સારપ અંગે જાગૃતિ લાવવા માટે વિષય વસ્તુના નિષ્ણાતો દ્વારા સંચાલિત તકનીકી સત્રથી થશે અને ખેતી અને છોડનું રક્ષણ, પ્રોસેસિંગ અને મૂલ્ય સંવર્ધન, માર્કેટિંગ અને નિકાસ જેવા વિષયો પર ખેડૂતોને સજ્જ કરવા માટે પણ. સ્થળ પર નાળિયેરના વિવિધ નવીન મૂલ્ય વર્ધિત ઉત્પાદનોને પ્રદર્શિત કરતું એક પ્રદર્શન પણ ગોઠવવામાં આવશે. રાજ્ય કૃષિ/બાગાયતી વિભાગો અને રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓના સહયોગથી સમગ્ર દેશમાં નાળિયેર વિકાસ બોર્ડની તમામ એકમ કચેરીઓમાં વિશ્વ નાળિયેર દિવસની ઉજવણી કરવામાં આવશે.વિશ્વભરના તમામ નાળિયેર ઉગાડતા દેશો દર વર્ષે ૨ સપ્ટેમ્બરને વિશ્વ નાળિયેર દિવસ તરીકે ઉજવે છે, જે આંતરરાષ્ટ્રીય નાળિયેર સમુદાયનો સ્થાપના દિવસ છે, જે ૧૯૬૯માં યુએનઈએસસીએપીના નેજા હેઠળ સ્થાપિત નાળિયેર ઉગાડતા દેશોની આંતરસરકારી સંસ્થા છે. ભારત આઈસીસીનું ફાઉન્ડર મેમ્બર છે. વિશ્વ નાળિયેર દિવસની ઉજવણીનો ઉદ્દેશ તમામ નાળિયેર સંબંધિત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો અને આ રીતે આઈસીસીના સભ્ય દેશોમાં નાના ધારક ખેડૂતો અને નાળિયેર ઉદ્યોગોને સશક્ત બનાવવાનો છે.

# રાહુલ ગાંધીએ 'ભારત ડોજો યાત્રા' શરૂ કરવાની જાહેરાત કરી

નવી દિલ્હી,

વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પોતાનો રાજકીય ચમત્કાર દેખાડીને કોંગ્રેસનું કદ બમણું કરી ચૂકેલા રાહુલ ગાંધીએ હરિયાણા વિધાનસભા ચૂંટણી અને જમ્મુ કાશ્મીરમાં ભાજપને પછાડવા માટે એકદમ સોલિડ અને નવો દાંવ ચલાવ્યો છે. 'ભારત જોડો યાત્રા' કાઢી ચૂકેલા રાહુલ ગાંધીએ હરિયાણાની ચૌધરમાં 'ધોબી પછાડ' જેવા જૂના દાવ અજમાવવાની જગ્યાએ નવો પ્રયોગ કર્યો છે. પોલિટિકલ કોડિંગની ભાષામાં કહીએ તો રાહુલ ગાંધીએ 'જાપાની' પેંતરો અજમાવ્યો છે. ૪ જૂનના રોજ મોહબ્બત કી દુકાનની સારી બોણી થયા બાદ યુવાઓને કોંગ્રેસ સાથે જોડવા માટે તેમણે જે વાતો કરી છે તે સદીઓ જૂની છે. જો કે આજે પણ પ્રાસંગિક છે અને તેમાં ઊંડા સંકેતો છૂપાયેલા છે. રણનીતિ બની ગઈ છે, હવે તો બસ બ્યુગલ ફૂંકાય તેની જ રાહ જોવાઈ રહી છે. કોંગ્રેસ નેતા અને સમર્થક એટલા બધા ઉત્સાહિત છે કે રાહુલ ગાંધીના આ નવા જાપાની ફોર્મ્યૂલાને તેમનો હવે પછીનો માસ્ટરસ્ટ્રોક ગણાવી રહ્યા છે. આ કડીમાં તેમણે જાપાની રાજકીય માર્શલ આર્ટ સંબંધિત એક વીડિયો જારી કરતા જલદી 'ભારત ડોજો યાત્રા' શરૂ કરવાની જાહેરાત કરી છે. ડોજો સામાન્ય રીતે એક પ્રકારના માર્શલ આર્ટના ટ્રેનિંગ સ્કૂલ છે. એવી જગ્યા જ્યાં લોકો જૂડો, કરાટે કે કોઈ બીજી માર્શલ આર્ટની પ્રેક્ટિસ કરે છે. જાપાની ભાષામાં ડોજોનો અર્થ છે- જવાનો રસ્તો. સૌથી શરૂઆતી ડોજો બૌદ્ધ મંદિરોની અંદર બનતા હતા. જ્યાં ઊંડી તાલિમ અપાતી હતી. તેમાં કેન્ડોની માર્શલ આર્ટની સાથે સાથે મેડિટેશન પણ હતું. લીડર ઓફ ઓપોઝિશન રાહુલ ગાંધીએ પોતાની યુટ્યુબ ચેનલ પર જે વીડિયો શેર કર્યો છે

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું